


## સલામી સવારની..

*નવી-જૂનીનું તૂત, કોણ જાણે ક્યાં, ચાલે ન ચાલે,*
*કાળાંનું ભૂત કોણ જાણે ક્યાં સુધી ચાલે ન ચાલે,*
*બેન્ક ખૂદ સાપણ થઈ ખાઈ જાય ખજૂરી નોટો -*
*કાર્મિકનો પગારથી સંબંધ, ચાલે કે ન ચાલે...*

હાઈકુ

*વાહન પ્હોંચે -*
*- ટોલ નાકે ત્યાં તો,*
*નિયમો ચેંજ...*
*(રોજ બદલાતા નિયમો)*

*પેશ્વા નગારે -*
*ને મોગલો તગારે,*
*મોદી પગારે...*
*(પતનનાં કારણો)*

## ચિંતન

*ગુણાઃ સર્વત્ર પૂજયન્તે પ્રિતવંશો નિરર્થકઃ ।*
*વાસુદેવં નમન્તિ ચ વસુદેવં ન માનવાઃ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે. સદ્‌ગુણોની સર્વત્ર પૂજા થાય છે, પિતાનો વંશ નિરર્થક છે. મનુષ્ય વાસુદેવને (શ્રીકૃષ્ણને) વંદન કરે છે, પરંતુ વસુદેવ ને વંદન કરતાંન થી.

વંશ-કુળ-જાતિ-ધર્મ 'માત્ર' એ પૂજવા - પૂજાવા માટેનો અધિકાર-પત્ર નથી. વંશ-કુળ ઈત્યાદિ ભલે પૂર્વજન્મના કર્મોને અધીન મળે છે પરંતુ માણસે જાતે સંસ્કાર-સત્સંગ-શિક્ષણ દ્વારા પોતાની જાતમાં 'સદ્‌ગુણો' નો સંચય કરી જાત-આત્માને પાત્ર બનાવી પૂજાવાની પાત્રતા પામવી જોઈએ - કેટલાય નીચા કુળ-જાતિમાં જન્મેલા સંત-સજ્જન આજે પણ સંસારમાં સન્માનીય-પૂજનીય સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા છે.

## સુવિચાર

- સત્ય એક રિલેટીવ ટર્મ છે, ઘણીવાર આજનું સત્ય આવતીકાલનું સત્ય નથી રહેતું - **રજનીશ**
- જે રસને સ્થળનો આધાર નહિ, કાળનું અવલંબન નહિં એ જ તો રસરાજની પ્રસાદી છે - **મકરંદ દવે**
- જે મુક્ત સમાજ બહુ સંખ્યક ગરીબોની મદદ નહીં કરે એ સમાજ અલ્પસંખ્યક અમીરોનું રક્ષણ કરી શકશે નહિં - **જહોન એફ. કેનેડી**
- તમે જેટલા ખાલી હોવ એટલું વધું સારું... કે નવા માટે તમારી અંદર જગ્યા ખાલી થાય છે - **ધ્યાનસૂત્ર**
- પ્રત્યેક કાર્યને પૈસાના ગજથી માપવું એ આજના યુગની ટૂંકી દષ્ટિની પ્રતીતિ કરાવે છે - **પન્નાલાલ પટેલ**
- તર્કના જાળામાં ગૂંચવાયેલો માણસ જાતે જ નવી નવી ગાંઠો વાળે છે ને જીવનભર એમાં ફસાયેલો રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કમરકાકડીનું ચૂર્ણ બનાવી દૂધમાં નાંખી ખીર જેવું બનાવી ખાવાથી રતવા મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

પરિશ્રમ અને પુરુષાર્તથી પ્રાપ્ત કરેલ માત્ર બાજરાનો રોટલો અને છાશમાં જેવી મિઠાશ છે તેવી મિઠાશ બત્રીસ જાતના પકવાનમાં પણ નથી હોતી. મફતનું ખાનાર એદી-આળશુ થઈ જાય છે.

રાજા ભોજને ત્યાં પ્રસંગ હતો - ધૂવાંબંધ ગામ જણ રાખ્યું, ચૂલો ચાલુ કરવાની જ સખત મનાઈ. બત્રીસ જાતના પકવાન તૈયાર કરાવ્યાં - લોકોને 'પાંખી' પાડવાનો હુકમ થયો. (પાંખી એટલે સંપૂર્ણ કામ બંધ = હડતાળ.) લોકોએ ભોજન કર્યું.

કોઈ ખણખોદિયાએ રાજાના કાન ભંભેર્યા એક કઠિયારો લાકડા કાપવા ગયો છે કદી કોઈનું ખાતો નથી જાતે રાંધે ને ખાય છે.

રાજા ભોજ વેશપલ્ટો કરી તેને મળવા ગયો. આદેશ ન માનવાનું કારણ પૂછ્યું. કઠિયારો કહે મેં સંતને વચન આપ્યું છે, 'જાત મહેનતનું જ ખાઈશ જાત મહેનતનો રોટલો મીઠો લાગે છે.'

રાજાએ તેને ચૂલો પ્રગટાવવાની મુક્તિ આપી અને ધન્યવાદ આપ્યા.

# ૧૩૮૬૦ કરોડના કાંડ પછી હવે તંત્ર સામે શંકા

પહેલાં નોટબંધી ચર્ચામાં રહી, પછી કાળાં નાણાં ને હવે કાળાં નાણાંને કારણે દેશભરમાં એક ગુજરાતી મહેશ શાહ ચર્ચામાં છે. ૧૩,૮૬૦ કરોડ એ નાની રકમ નથી જ અને આટલી મોટી રકમની જાહેરાત સામે ચાલીને કરનાર આ મહેશ શાહ વિશે જાણવા જેટલા લોકો આતુર છે એટલું જ મીડિયા પણ ને ઘણાં અખબારોએ તો એની છઠ્ઠી પણ કાઢી લીધી છે ને એવો દાવો કર્યો છે કે હકીકતે આ નાણાં મહેશ શાહનાં નથી. અલબત્ત, મહેશ શાહે પણ શનિવારે એક ઈલેક્ટ્રોનિક ચૅનલ સમક્ષ કબૂલ કર્યું કે આ નાણાં એનાં નથી, જેનાં છે એમનાં નામ એ જાહેર કરશે.

પરંતુ આ કબૂલાતથી અનેકની ઉંઘ હરામ થઈ ગઈ છે. આ નાણાં કોનાં હશે? એમાં કોઈ રાજકારણી તો સંડોવાયેલા નહીં હોય ને? આવા અનેક સવાલો હવે લોકોની ચર્ચામાં ઘૂમરાય છે, ત્યારે અગત્યનો મુદ્દો એ છે કે આમાં માથાં મોટાં સંડોવાયેલાં હોય કે નાનાં - આ બાબત આટલેથી અટકવી ન જોઈએ અને આમાં સાચું શું છે તે અવશ્ય બહાર આવવું જોઈએ.

ગોટાળા, ભ્રષ્ટાચાર, કૌભાંડ, લાંચ-રૂશ્વત, ઉહાપોહ એ બધું આ દેશ માટે નવું નથી. આ દેશમાં અનેકવાર આવું બધું થયું છે ને અહીં માનવીનું તો ઠીક પરંતુ પશુના હકનુંય ખાઈ જઈને ઓડકારેય ન ખાનારા વટપૂર્વક લોકનેતા થઈને જીવે છે. લોકજુવાળ ઉપડે ત્યારે આ બધી બાબતો સામે મોરચા મંડાય ને પછી ઘીના ઠામમાં ઘી પડ્યું રહે, ખોટું કરનારને યોગ્ય સજા થઈ હોય કે એમાં હકીકત શું છે એ બહાર આવ્યું હોય એવું બહુ ઓછું બન્યું છે.

આ કિસ્સામાંય હકીકત દબાઈ ન જાય એથવા દબાવી ન દેવામાં આવે એ જરૂરી છે, નહીંતર તંત્ર ઉપરથી સરકારનો વિશ્વાસ ડગી જવાની પૂરેપૂરી શક્યતાઓ છે.

સરકારે પહેલાં સ્વૈચ્છિક રીતે કાળાં નાણાં જાહેર કરવાની વાત કરી, એ મહેશ શાહ દ્વારા જાહેર કરાયા એટલે સરકારી તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ, એની જાહેરાતનો સ્વીકાર ન કરવામાં આવ્યો એ બાબત હજુ કેટલાય લોકોના મનમાં બેઠી નથી. લોકો એવું જ માને છે કે સરકારે જાહેરાત કરી તેથી એક વ્યક્તિ સ્વૈચ્છિક રીતે કાળાં નાણાં જાહેર કરવા આવી તો પછી એ વ્યક્તિને ગુનેગાર માનવાની ક્યાં જરૂર છે?

એ પછી એ જાહેરાત કરનારનું અચાનક ગાયબ થઈ જવું, મીડિયા દ્વારા એને ભાગેડુ કરાર આપવું ને અચાનક મીડિયા સમક્ષ મહેશ શાહનું પ્રગટ થઈ જવું, હું ભાગેડુ નહોતો એવા ખુલાસા આપવા, રૂપિયા મારા નથી ને જેના છે એમનાં નામ હું જાહેર કરીશ એવી સ્પષ્ટતા કરવી, પોલીસ દ્વારા મીડિયારૂમમાંથી જ તેની

**તંત્રીસ્થાનેથી...**

અટકાયત જેવા ચિત્ર-વિચિત્ર સંજોગો આ આખાય ઘટનાક્રમ સાથે જોડાયેલા છે ને તેથી એ વિશે ચર્ચાઓ થાય તે સ્વાભાવિક પણ છે.

મહેશ શાહનું ને મીડિયાનું માનીએ તો ખરેખર આ રૂપિયા મહેશ શાહના નથી. તો પછી એ છે કોના? કોઈ ભૂમાફિયાના કે કોઈ રાજકારણીના? લોકોની ચર્ચામાં ધારદાર સવાલ એ જ છે કે આટલા બધા રૂપિયા રાખનાર કોઈ સામાન્ય માણસ ન જ હોય, એ કોઈ વગદાર વ્યક્તિ હોવાનો અથવા નહીં હોય તો થઈ જવાનો! કારણ કે રૂપિયાના તો સૌ સગા છે. ને એવું સગપણ નીકળ્યું તો આખીય વાતની દિશા ને દશા બેય બદલાઈ જશે ને અત્યારે જેમ મહેશ શાહ ભેખડે ભરાણા છે એમ ગાળિયો એમના ગળામાં જ રહેશે, ખરેખર આ કાંડ કરનારા આબાદ નીકળી જશે.

આવું જ થતું આવ્યું છે મસમોટાં કૌભાંડો વેળા. આ ઘટનામાં પણ એવું જ થશે એવી શંકાઓ અત્યારથી જ લોકો વ્યક્ત કરી રહ્યા છે, એવું ન થાય એ જોવાની જવાબદારી હવે તંત્રની છે, આઈટી તંત્રની ખાસ.

## લોકશાહીમાં ન્યાય મેળવવો એ દરેકનો સમાન અધિકાર છે : ન્યાય તંત્રને બાનમાં લેવાનો અધિકાર કોઈને નથી

કેટલાક લેભાગુ તત્વો દ્વારા તદન વ્યર્થ મુદ્દાઓને ઉઠાવી ન્યાય તંત્રને વચમાં રાખીને લડવાની દુકાન ખોલવામાં આવી છે અને ન્યાય તંત્રને જાહેર હિતની વેપારની હાટડી સમજી ગયા છે તેમજ જાહેર હિતની અરજી કરવાનો વેપારી વ્યવસાય શરૂ કરેલ છે જેમની પાસે અન્ય ને હેરાન, પરેશાન કરી નાક દબાવી મોં ખોલી પોતાના ઉલ્લુ સિધા કરવા સીવાય કોઈ કામ ધંધો નથી તેવા લોકોને ન્યાય તંત્રનો ઉપયોગ ધોબી ઘાટ જેવા કરી ગંદા કપડા ધોવા જેવો કર્યો છે જે શરમજનક છે કેટલાય સેવાભાવી સંગઠનો આ કામ માટે પંકાયેલા છે.

તાજેતરમાં સુપ્રિમ કોર્ટના સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે ૮૦ ટકા આવી જાહેર હિતની અરજીઓ વ્યક્તિગત દ્વેષ અને વ્યર્થ મુદ્દાઓ ઉપર જ થતી હોય છે. ન્યાય અપાવવાની કે મેળવવાની ભાવનાથી નહિ પરંતુ બદલો લેવાની વેર ભાવનાથી જ આવી જાહેર હિતની અરજીઓ કરી ન્યાયાલયનો કિંમતી સમય બગાડી આમ જનતાને ન્યાયથી વંચીત રાખવાનો હિન પ્રયાસ ગણાયેલ છે.

એક રીક્ષાવાળએ ૧૯ માળના ટાવરને અટકાવવા કોઈ જ ઉદ્દેશ વગરની અરજી કરતા અદાલતને આમા જાહેર જનતાનો કોઈ જ હિતનો ભંગ ના દેખાતા અરજી રદ કરી ૧ લાખ દંડ ફરમાવેલ જેનાથી આખો મામલો જાહેર થવા પામેલ કે જાહેર હિતની અરજીના નામે બ્લેક મેઈલીંગની દુકાનો જ સેવાકિય સંગઠનની આડમાં ખોલવામાં આવી છે અને પ્રજાના હિતના નામે વેપલો જ કરવામાં આવી રહ્યો છે.

મોટાભાગે સરકારી વિભાગો, સરકારી એજન્સીઓ, સરકારી કોર્પોરેશનો જ એકબીજા સામે લડી ન્યાયાલયનો કિંમતી સમય બગાડે છે જેનાથી અમ જનતાનો ન્યાય મેળવવાનો હક્ક માર્યો જાય છે.

કેટલાક સંગઠનોને હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં જનહિતના માધ્યમથી પ્લેટ ફોર્મ મળી રહે છે અને સસ્તી પબ્લીકસીટી માટે જનહિતનો આધાર ગણી ખોટી અરજીઓ કરવામાં આવે છે. ગુજરાત તોફાનો બાદ કંઈ કેટલાય સંગઠનોએ માનવઅધિકારને હયુમન રાઈટસના નામે દુકાનો ખોલી લઘુમતીની સહાનુભૂતિ મેળવવા ચાલતા કેસોમાં સંયુકત રાષ્ટ્ર સંઘના માનવઅધિકાર પંચને પત્ર લખી આંતરીક બાબતોને આંતર રાષ્ટ્રીય મંચ ઉપર લઈ જઈ સસ્તી પબ્લીકસીટી દેશ અને દુનિયામાં મેળવવાની કુચેષ્ઠા કરવામાં આવેલ તેથી તિસ્તા સેતલવાડ નામની સામાજીક કાર્યકર્તાના સબરંગ ટ્રસ્ટના બેન્ક એકાઉન્ટ સીઝ કરવાનો સરકારે નિર્ણય લેવો પડેલ જેની કાયદાકિય લડત આજદિન સુધી ચાલે છે.

પ્રજા ન્યાય તંત્રની પ્રત્યેક કાર્યરીતી ઉપર બારીક નજર રાખી રહી છે અને પ્રજાનો ભરોષો જો ન્યાય તંત્ર ઉપરથી ઉઠી જાય તો કાયદાનો કોઈ અર્થ ના રહે, કોઈ પાલન ના કરે,




રાજયમાં સુખ, શાંતિ અને સલામતી જાળવવી સરકારને ભારે પડે. દાણચોરી, આંતકવાદી જેવી પ્રવૃત્તિ વચ્ચે કાયદા અને નાગરિક વચ્ચેની ભેદ રેખા સમાજે સ્પષ્ટ રીતે પાડેલ છે તેથી જાહેર હિતમાં કોનું હિત જળવાય છે તેની દરેક બાબતની દેખરેખ ન્યાય તંત્રએ રાખવાની પવિત્ર ફરજ ગણાય છે તે માટે અરજ કરતા માટે લક્ષ્મણરેખા તથા નિયમો લાદેલ છે જેની મર્યાદામાં જ અરજ કરી ન્યાય મેળવી શકાય કે અપાવી શકાશે.

અરજ કરતા તે મામલામાં અસર કરતા હોવો જોઈએ, હિત ના હોય તેવી વ્યક્તિ અરજી કરી શકે નહિ. જાહેર હિતની અરજીમાં પબ્લીક પોલીસીનું તત્વ હોવું જોઈએ. જનતાના વિશાળ હિત સાથે મુદ્દો સંકળાયેલ હોવો જોઈએ તેમાં વકિલની સંડોવણી હોવી જોઈએ નહિ. જાહેર હિતની અરજી એ ઢાલ સમાન હોવી જોઈએ. શસ્ત્ર તરીકે ઉપયોગ કરી શકાય નહિ કે નિર્દોષ વ્યક્તિ કે સંસ્થાને અહિત કરવાના બદલ ઈરાદાથી આવી અરજી થયેલ ના હોવી જોઈએ કે વ્યક્તિગત સ્વાર્થ સમાયેલો હોવો જોઈએ નહિ.

જાહેર હિતની અરજી કરતા પાસેથી અદાલતે બે થી પાંચ લાખ પ્રથમ ફિ પેટે વસુલ કરવી જોઈએ ત્યારબાદ જ આગળની ન્યાઈક કાર્યવાહી કરવી જોઈએ તેથી ન્યાય તંત્રને રમકડુ બનાવી સામાન્ય માણસ પોતાના સ્વાર્થમાં રમત ના રમી શકે. અરજીમાં જણાવેલ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આપણા હકની ખેવના એટલી બધી ન કરીએ, કે આપણી રીતભાત પણ ભૂલી જઈએ

**ઈશ્વરે સમજીને જ સર્જી કીકી કાળી,**
**કમસેકમ સ્વપ્નને તો નજર ન લાગે...!**

**- આરતી પરીખ**

શુકન, અપશુકન, નજર લાગવી અને ટોકાઈ જવું આ બધી વાતોમાં અલગ-અલગ લોકોના જુદા-જુદા અભિપ્રાયો હશે! પણ ઘણીવાર આવી વાતોમાં ન માનતી વ્યક્તિ પણ જાણે-અજાણ્યે આ પ્રવાહમાં તણાઈ જાય છે તો કયારેક વળી એમ પણ બને કે આખી જિંદગી આવી વાતોનું ખાસ ધ્યાન રાખનાર વ્યક્તિ આ તમામ બાબતોથી સાવ નિર્લેપ બની જાય! જો કે, અહીં વાત છે સ્વપ્નની. સ્વપ્નની રંગીન દુનિયા, સોહામણી એ સ્વપ્નનગરની સફર; એમાં ખોવાઈ જવાની મજા કંઈક અલગ જ હોય છે. ઘણીવાર આપણે જાણતાં જ હોઈએ છીએ કે સ્વપ્નની આ દુનિયા કરતાં જીવનની વાસ્તવિકતા કંઈક જુદી જ હોય છે. છતાં સપનાં જોવા આપણને ગમે છે અને એટલે જ આપણે ઈચ્છીએ છીએ કે સપનાને કોઈની નજર ન લાગી જાય. આપણે આપણા જીવનમાં જુદી જુદી રીતે સંઘર્ષ કરતા જ હોઈએ છીએ અને આ ચક્ર નિરંતર અવિરતપણે વણથંભ્યુ ચાલ્યા જ કરે છે. ધીરે-ધીરે આ પરિસ્થિતિની અસર આપણા સ્વભાવ, વાણી, અને વર્તનમાં પણ દેખાવા લાગે છે. અમુક વ્યક્તિ થોડી વધુ સંવેદનશીલ હોય તો કોઈ વળી થોડું વધુ પ્રેક્ટિકલ એટલે કે વ્યવહારુ હોય અને આ અનુસાર તેમના જીવનમાં બનતી ઘટનાઓની તેમની પર્સનાલીટી પર વિવિધ અસર વર્તાતી હોય છે! વ્યક્તિનું વ્યક્તિત્વ તેના સ્વભાવ ઉપરાંત તેના વ્યવહાર તેમજ રીતભાત પરથી છતું થતું હોય છે. આપણે સૌ એક છાના ભયના ઓથાર હેઠળ જીવતા હોઈએ છીએ. ખુશ હોઈએ કે સંતુષ્ટ હોઈએ ત્યારે પણ તે પળને માણવાને બદલે મનમાં એક પ્રકારનો છાનો ભય રહેતો હોય છે કે આ ખુશીની પળ કયાંક છીનવાઈ જશે તો? અરે સ્વપ્નને પણ જો નજરાઈ જવાનો આપણામાં ભય હોય તો જીવંત ક્ષણોનું તો પૂછવું જ શું?

**"આપણા હકની ખેવના એટલી બધી ન કરીએ,**
**કે આપણી રીતભાત પણ ભૂલી જઈએ."**

આપણે આપણા ગેરવર્તન માટે અન્યને દોષ આપતાં એક ક્ષણ પણ અચકાતા નથી જયારે અન્યને સમજવાની ક્ષણ આવે ત્યારે આપણે સાવ જડ અને રૂક્ષ બની બેસીએ છીએ. આજકાલ આ નોટોના બદલાવાને કારણે રોજિંદી લેણદેણના કાર્યોમાં જયારે અવ્યવસ્થા સર્જાય ત્યારે આપણે અધીરા બની જઈએ છીએ. લાંબી-લાંબી લાઈનોમાં ઉભા રહીને આપણે અકળાઈ જઈએ તે વાત સ્વાભાવિક છે તેમ બેંકના કર્મચારીઓ સમજી શકે અને બેંક કર્મચારીઓ પર વધી ગયેલા કામના બોજને જો આપણે સમજી શકીએ તો પરસ્પર શાંતિપૂર્વક એકબીજા સાથે સહકારથી કામ કરી શકીએ. કોઈ પણ વ્યક્તિના ગેરવર્તન માટે આપણે તરત જ તેના પર વરસી પડવાને બદલે થોડા સમય માટે જો શાંત ચિત્તે તેના ઉપરછલ્લા ખરાબ વર્તન પાછળ રહેલા ઉકળાટ અને વ્યથાને સમજી લઈએ તો આપણને એ જ વ્યક્તિના વ્યક્તિત્વના સાવ નવા જ પાસાને જાણવાની તક મળશે. જન્મતાવેંત જ કોઈ સારું ક ખરાબ ન હોઈ શકે. સમય અને સંજોગો વ્યક્તિના વ્યક્તિત્વને ઘડે છે.

*ગતે શોકો ન કર્તવ્યો ભવિષ્યં નૈવ ચિન્તયેત્ ।*
*વર્તમાનેન કાલેન વર્તયન્તિ વિચક્ષણાઃ ॥*

શાસ્ત્રોમાં લખેલું છે કે જે વીતી ગયું એનો શોક ન કર; ભવિષ્યની ચિંતા ન કરીશ. વર્તમાનમાં જે કંઈ પણ બની રહ્યું છે માત્ર તેને જ અનુસરે તે જ બુદ્ધિશાળી ગણાય. પણ જાણે અજાણ્યે આપણે આપણી પરિસ્થિતિ અને આપણા સંજોગો અનુસાર કોઈ વ્યક્તિ અંગે ચોક્કસ પ્રકારનો અભિપ્રાય બાંધી બેસીએ છીએ. જે વ્યક્તિને આપણે છેલ્લા થોડા સમયથી મળ્યા પણ ન હોઈએ તેના વિષે તેના જીવનમાં બની રહેલી ઘટનાઓ જોયા-જાણ્યા વિના જ તેના પ્રત્યે ચોક્કસ પ્રકારનો અભિપ્રાય ધારી લઈએ છીએ.




આપણી યુવા પેઢીને બધું જ 'Instant' મેળવવાની આદત છે માટે જયારે કોઈ વસ્તુ કે બાબત તેમની ઈચ્છા અનુસાર ન બને તો તેઓ નિરાશ થઈ જાય છે. તેમના વર્તનમાં તોછડાઈ, ઉદ્ધતાઈ કે રુક્ષતા આવી જાય છે. તેમને લાગવા માંડે છે કે તેમની પરિસ્થિતિ કોઈ સમજી શકતું નથી અને માટે પોતાની જાતને એક કોચલામાં પૂરી બેસી જાય છે. અન્ય સાથે વાતચીત કે બોલચાલ પર નહિતવ્ કરી દે છે અને પરિણામે તેમનું depression ઉત્તરોત્તર વધતું જ જાય છે. જીવનની harsh વાસ્તવિકતાનો સ્વીકાર કરીને તેની સામે ટક્કર ઝીલવા માટે તૈયાર રહેવાને બદલે તે માનસિક અને શારીરિક રીતે ક્ષીણ થઈ જાય છે. "જગતમાં આપણો આ દુઃખનો હિસ્સો સંપૂર્ણ ન્યાયસંગત હોય જ, એવું બનતું નથી, જેને આપણે અન્યાય ગણીએ, તેનો પણ યોગ્ય રીતે સ્વીકાર કરી શકીએ, એવું આપણામાં સામર્થ્ય હોવું જોઈએ."

**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)**

Last Sean :

સમુદ્રમાં પાણીના આધારે અનેક પરપોટા થઈ આવે છે. એ ઘણા ભેગા થઈ એક મોટું મોજું કે પરપોટો બને છે. અફળાઈને તેની નાની-નાની લહેરો થઈ જાય, તેથી આપણને કદી શોક થતો નથી. કારણ, આપણે જાણીએ છીએ કે એ આકારોના ઊપજવાથી કે નાશ પામવાથી સાગરના સાગરપણામાં કાંઈ ફરક પડતો નથી.

**- nehalgadhavi101@gmail.com**

# પંજાબમાં ચૂંટણી પૂર્વે ખાલિસ્તાનનું ભૂત ધૂણવા માંડ્યું

ભારતીય રાજ્ય પંજાબમાં વિધાનસભાની ચૂંટણીનો ગરમાટો અને ધમધમાટ વર્તાવા માંડ્યો છે. લગાતાર ઓપિનિયન પોલ સત્તારૂઢ મોરચા અકાલી દળ અને ભાજપને બદલે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને પતિયાળાના રાજવી પરિવારના કૅપ્ટન અમરીન્દર સિંહની કૉંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા હોવાના સંકેત આપે છે. આશ્ચર્ય એ વાતનું છે કે દિલ્હી સરકારમાં 'આપ' પાર્ટી ઝાઝું ઉકાળી શકી નહીં હોવા છતાં લગાતાર ઓપિનિયન પોલમાં પંજાબમાં એની જ સરકાર રચાતી લાગે છે. પંજાબમાં અત્યારે ભારે ઉહાપોહ છે. પંજાબની પિતા-પુત્રની સરકારને ઉગારી લેવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોઈપણ નિમિત્તે પંજાબમાં જનસભાઓ કરવા માંડી છે. મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલ અને નાયબ મુખ્યપ્રધાન સુખબીર સિંહ બાદલ તેમજ કેન્દ્રમાં પ્રધાન એવાં મુખ્યપ્રધાનનાં પુત્રવધૂ હરસિમરત કૌર બાદલ સાથે વડા પ્રધાન મોદી એક મંચ પર સભા ગજવે છે. ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની ચલણી નોટો રદ કરવાની વાતે સત્તા મોરચાની શિવસેના પાર્ટી મોદીવિરોધી ભૂમિકા સાથે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સમક્ષ ફરિયાદ કરવા માટે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીના નેતૃત્વમાં કૂચ કરવામાં સંકોચ અનુભવતી નથી. પણ અકાલી દળ આ મુદ્દે સાવધ રહે છે.

વિધાનસભાની કુલ ૧૧૭ બેઠકોની આગામી જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન યોજાનારી ચૂંટણીમાં અકાલી અને ભાજપને કુલ મળીને માંડ ૧૭ બેઠકો મળવાનાં એંધાણ તમામ મતદાતા સર્વેક્ષણ આપે છે. અત્યારે વિધાનસભામાં અકાલી દળની ૫૬ અને ભાજપની ૧૨ બેઠકો તથા કૉંગ્રેસની ૪૬ બેઠકો હોવા છતાં સતલજ-યમુના લિંક (એસવાયએલ) હેઠળ પાડોશી રાજ્ય હરિયાણાને પંજાબ તરફથી પાણી આપવાના સુપ્રીમ કોર્ટના ચૂકાદાના વિરોધમાં કૉંગ્રેસ ના લોકસભાના સભ્ય કૅપ્ટન અમરીન્દર સિંહ તથા તેમના પક્ષના ધારાસભ્યોએ ગૃહમાંથી રાજીનામાં આપી દીધાં છે.બાદલ સરકાર પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વિરોધ કરે છે, પણ મિત્ર પક્ષ ભાજપ એ વિશે દૂધ અને દહીં બેઉમાં પગ રાખવાની ભૂમિકા જાળવે છે. હરિયાણામાં ભાજપની જ સરકાર છે અને સંઘના પંજાબી પ્રચારક મનોહરલાલ ખટ્ટર મુખ્યમંત્રી છે.

પંજાબ પ્રદેશ કૉંગ્રેસના વડા અને મુખ્યપ્રધાન રહી ચુકેલા કૅપ્ટન અમરીન્દર સિંહ ચૂંટણી નજીક આવતી જશે એમ ખાલિસ્તાની હિંસા વકરવાનાં એંધાણ આપી રહ્યા હતા. અકાલીઓ સત્તા ગુમાવવાના થાય ત્યારે પંજાબમાં હિંસાની હોળી ખેલાતી હોવાનો ઈતિહાસ સર્વવિદિત છે.

- સત્તારૂઢ અકાલી દળ-ભાજપ હાંશિયામાં, મુખ્યસ્પર્ધા આપ અને કૉંગ્રેસ વચ્ચે !
- અકાલીઓ સત્તા ગુમાવવાના થાય ત્યારે હિંસાની હોળી ખેલાવાનો ઈતિહાસ
- આતંકવાદી ભિંડરાંવાલેને અકાલી સરકારે 'શહીદ' ગણ્યા અને ભાજપ મૌન
- નાભા જેલ તોડવાના કાવતરામાં કવાયત ગોઠવણ મુજબની હોવાની શક્યતા

જોકે કૅપ્ટન તો કેનેડાના કેટલાક શીખ પ્રધાનો અને સાંસદો પણ અલગ ખાલિસ્તાનની ચળવળને ટેકો આપી રહ્યા હોવા ઉપરાંત ચૂંટણી દરમિયાન હિંસક અથડામણો સર્જાવાની શક્યતા નિહાળતા હતા. એમણે તો ખાલિસ્તાનવાદીઓ સાથે કેજરીવાલની પાર્ટીએ હાથ મિલાવ્યા હોવાના આક્ષેપ પણ કર્યા છે. પંજાબમાં ખાલિસ્તાનવાદી ચળવળ સાથે જોડાયેલા સંત ભિંડરાંવાલે જેવા આતંકી ગણાવાયેલા અને ૧૯૮૪ના બ્લ્યુસ્ટાર ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારાયેલા ભિંડરાંવાલેને અકાલી સરકારે 'શહીદ' ગણાવવા ઉપરાંત એના પરિવારની સાથે બાદલ પરિવારનો સંપર્ક જળવાયાની ઘટના અજાણ નથી. સત્તારૂઢ ભાજપના ચાર પ્રધાનો અકાલીઓના ભિંડરાવાલેને 'શહીદ' ગણાવવાના નિર્ણય સાથે અસંમત હોવા છતાં સત્તામાંથી ફારેગ થવા તૈયાર નથી.

રવિવાર, ૨૭ નવેમ્બરના રોજ નાભાની સૌથી સુરક્ષિત જેલમાંથી જે કેદીઓને ભગાડી જવામાં આવ્યા એમાં ખાલિસ્તાન લિબરેશન ફ્રંટ નામના પ્રતિબંધિત સંગઠનના વડા હરમિન્દર સિંહ 'મિન્ટુ'નો પણ સમાવેશ હતો. નાયબ મુખ્યપ્રધાન સુખબીર સિંહ બાદલે નાભા જેલ તોડવાના કાવતરામાં પાકિસ્તાની ગુપ્તચર સંસ્થાની સંડોવણીની શક્યતા વ્યક્ત કરી છે, પરંતુ ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અમરીન્દર સિંહ તો આ સઘળી કવાયતને રાજ્યના શાસકોના મેળાપીપણાનું પરિણામ લેખાવે છે. સુખબીરનો આક્ષેપ છે કે પંજાબમાં ચૂંટણીના દિવસોમાં અશાંતિ સર્જવા માટે પાકિસ્તાન ગુનાખોરો સાથે મળીને ખેલ પાડી રહ્યું છે. આખી કવાયત ગોઠવણ મુજબની જ હોય તેમ ખૂનખાર આતંકી 'મિન્ટુ' પાછો પકડાઈ જાય છે અને મીર માર્યો હોય એવા દાવા થાય છે.




પંજાબમાં ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી વખતે 'આપ'નું રાજ્યમાં અસ્તિત્વ નહોતું, પરંતુ મે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે પંજાબની કુલ ૧૩ લોકસભા બેઠકોમાંથી 'આપ'ને ફાળે ચાર બેઠકો ગઈ હતી. રાજ્યમાં અકાલી-ભાજપ મોરચાની સરકાર હોવા છતાં કૉંગ્રેસ ને ૩ અને આપને ૪ બેઠકો મળતાં બહુમતી બેઠકો સત્તારૂઢ મોરચા વિરુદ્ધના પક્ષોને મળી હતી. એટલું જ નહીં, અમૃતસરની બેઠક પરથી વર્તમાન કેન્દ્રિય નાણા પ્રધાન અરુણ જેટલી કૉંગ્રેસના અમરીન્દર સિંહ વિરુદ્ધ લડ્યા અને હાર્યા હતા. અકાલીને ૪ તથા ભાજપને ૨ બેઠકો મળી હતી. પંજાબની યુવાપેઢીને અકાલી સરકાર નશાખોર બનાવીને બરબાદ કરી રહી હોવાના 'આપ'ના આક્ષેપ અને 'ઊડતા પંજાબ' ફિલ્મના પ્રભાવે કેજરીવાલની પાર્ટી ભણી લોક સહાનુભૂતિનું મોજું વાળ્યું હતું. જોકે તેમના નેતાઓ સામેના આક્ષેપ થયા. ભાજપના રાજ્યસભા સાંસદ તરીકે રાજીનામું આપનાર ક્રિકેટર-રાજનેતા નવજોતસિંહ સિદ્ધુ અને તેમનાં ભાજપી ધારાસભ્ય પત્ની ડૉ. નવજોત કૌર સિદ્ધુ 'આપ'માં જોડાય એવી કેજરીવાલની પાર્ટીને ઘણા સમય સુધી પ્રતીક્ષા હતી. હવે ડૉ. નવજોત કૌર કૉંગ્રેસમાં જોડાયાં છે અને તેમના પતિ નવજોતસિંહ સિદ્ધુ કૉંગ્રેસનો પ્રચાર કરવાના છે. આવા સંજોગોમાં રાજકીય ચિત્ર બદલાઈ શકે.

પંજાબની ચૂંટણી ખૂબ રસાકસીભરી જરૂર રહેવાની. સૌથી વધુ મહત્ત્વનો મુદ્દો તો હરિયાણાને પાણી આપવા અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા સંદર્ભે રાજકીય પક્ષોની ભૂમિકા વિશેનો રહેવાનો. અકાલીદળ પણ હરિયાણાને જરા પણ પાણી આપવાના પક્ષે નથી છતાં કૉંગ્રેસના સાંસદ અને ધારાસભ્યોએ ગૃહમાંથી સભ્યપદનાં રાજીનામાં આપીને આ મુદ્દે પોતાની આક્રમક ભૂમિકાનાં પ્રજાને દર્શન કરાવીને સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કર્યો છે. પંજાબમાં અકાલીદળ અને કૉંગ્રેસ વચ્ચે જાટ શીખ એટલે કે ઉચ્ચ વર્ગની વોટબેંકમાં ખેંચતાણ વધુ રહેવાની છે. પછાતવર્ગની મતદાર સંખ્યા નોંધપાત્ર હોવાથી કેજરીવાલે પોતાનો પક્ષ સત્તામાં આવતાં પછાત વર્ગને એટલે કે દલિતને નાયબ મુખ્યપ્રધાન બનાવશે એવી ઘોષણાઓથી દલિતોને પોતાના પક્ષે કરવા પ્રયત્નશીલ છે. પંજાબની શાંતિ ઝંખતી પ્રજા હિંસક અથડામણો અને ખાલિસ્તાની ઉહાપોહને પસંદ કરે નહીં, છતા

**અનુસંધાન પાના નં. ૭ પર**